બાય બાય ગૌરીગણેશ, 5,443 પ્રતિમાનું ભાવપૂર્વક વિસર્જન

મનપાએ બનાવેલાં 21 પૈકી 12 કૃત્રિમ તળાવમાં ગણેશભક્તોએ ભારે હૃદયે બાપ્પાને વિદાય આપી: કેટલાક પરિવારો તિથિ મુજબ આજે ગૌરીગણેશનું વિસર્જન કરશે

સુરતઃ શહેરમાં ગણેશોત્સવનો રંગ જમાવટ પકડી રહ્યો છે. ત્યારે દોઢ દિવસ અને ત્રણ દિવસના શ્રીજીને વિદાય અપાયા બાદ બુધવારે પાંચ દિવસના ગૌરી ગણેશના વિસર્જનથી કૃત્રિમ તળાવો ધમધમી ઉઠયા હતા. મનપાના તંત્ર પાસેથી મળતી માહિતી મુજબ મહાનગરપાલિકા દ્વારા નિર્મિત કૃત્રિમ તળાવોમાં બુધવારે રાત્રે 10 વાગ્યા સુધીમાં 5443 શ્રીજી પ્રતિમાનું વિસર્જન કરાયું હતું. પાલિકા તંત્ર દ્વારા પ્રતિમા વિસર્જન માટે 21 કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યા છે. તે પૈકી 12 તળાવ પર ગૌરી ગણેશ વિસર્જનની પ્રક્રિયા ચાલી રહી છે. બુધવારે પાંચ દિવસ પૂરા થતા ભક્તોએ 'ગણપતિ બાપ્પા મોરીયા, અગલે બરસ તું જલ્દી આ'ની પુકાર સાથે બાપ્પાને બાય બાય કર્યું હતું. વિસર્જન માટે મહાનગર પાલિકાએ બનાવેલા કૃત્રિમ તળાવોમાં સવારથી જ બપ્પાને વિદાય આપવા માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલા દૌરમાં બુધવારે પાંચમા દિવસે મોટી સંખ્યામાં શ્રીજી પ્રતિમાનું વિસર્જન થયું હતું, જ્યારે અનેક પરિવારો ગુરુવારે ગૌરી ગણેશનું વિસર્જન કરશે. ગોરી ગણેશના વિસર્જન પહેલા દોઢ દિવસે અને ત્રણ દિવસે થયું હતું, જેમાં કે રવિવારે ૮૬૮, સોમવારે ૫૮૯, પાંચ દિવસના શ્રીજીનું બુધવારે સૌથી વધુ ૩૪૭૫ પ્રતિમા વિસર્જીત થઈ હતી.

ક્યા ઓવારે કેટલી પ્રતિમાઓ વિસર્જીત કરાઈ?

» ડુમસ કાદી ફળીયા (બે તળાવ) -367
» પુણા ઓવારે-58
» ડક્કા ઓવારે-761
» સરથાણાં વીટી સર્કલ-131
» મોટા વરાછા- 55
» ડીંડોલી-637
» ખરવરનગર-443
» ભેસ્તાન ફાયર સ્ટેશન-260
» સચિન કનકપુર કનસાડ-265
» પાલ આરટીઓ-1455
» સિંગણપોર-523
» કોસાડ આવાસ-488
» રાત્રે 10 વાગ્યા સુધીમાં કુલ-5443 ગૌરી ગણેશ પ્રતિમાઓને » વિર્સજીત કરાઈ હતી.

કોમી એકતાનો સંદેશો પાઠવવા કારના વેસ્ટ પાર્ટસમાંથી હિન્દુ-મુસ્લિમ કારીગરોએ ગણેશ પ્રતિમા બનાવી

સુરતઃ પરવટ પાટિયા સ્થિત કારના શો-રૂમમાં કામ કરતા હિન્દુ-મુસ્લિમ કારીગરોએ કારના વેસ્ટ સ્પેર પાર્ટસમાંથી ગણેશજીની મૂર્તિ બનાવી એકતાનો અનોખો સંદેશ આપ્યો છે. હિંદુ-મુસ્લિમ યુવકોએ ભેગા મળી કારના જુદા જુદા સ્પેર પાર્ટસમાંથી ગણેશજીની મૂર્તિનો આકાર આપી એની સ્થાપના કરી છે. દસ દિવસ ગણેશજીનું સ્થાપન કરી રોજ પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. વર્કશોપના મેનેજર પાર્થિવ ભંડારીએ જણાવ્યું હતું કે, સાડા ત્રણથી પોણા ચાર કિલો ઊંચાઈવાળી 45 કિલો વજનની આ ગણેશ પ્રતિમા લોખંડ તથા અન્ય મટિરિયલમાંથી બનાવી છે. ગણપતિના પેટનો ભાગ બનાવવા કરના ટોપ કન્વર્ટર ઓટો ગિયર બોક્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કાન બ્રેક લાઇનરમાંથી બનાવવામાં આવી છે. આંખ લાઈટ પ્રોજેક્ટરના ગોળામાંથી બનાવવામાં આવી છે. માથું ક્લચમાંથી, સૂંઢનો ભાગ પાઈપમાંથી અને વચ્ચેનો ભાગ વ્હીલની પાસે સ્ટીયરિંગની નીચેનો ભાગ છે. ત્રણ દિવસમાં આ પ્રતિમા તૈયાર થઈ છે. લોખંડ તથા અન્ય મટિરિયલમાંથી આ પ્રતિમા બની હોવાથી પ્રત્યેક વર્ષે ગણેશ સ્થાપના દિવસે મૂકી વિસર્જનના દિવસે સલામત સ્થળે મૂકી દેવામાં આવશે.

અલથાણના 'મન્નત કા રાજા' આ વખતે જયપુરના શીશ મહેલમાં બિરાજ્યા

સુરત. માત્ર સુરત જ નહીં પણ સમગ્ર ગુજરાતમાં ઈચ્છાપૂર્તિ ગણપતિ બાપ્પા તરીકે વિખ્યાત અલથાણના ગણપતિ 'મન્નત કા રાજા' માટે આ વખતે ખાસ જયપુરના શિશમહેલની થીમ પર આકર્ષક ગણેશોત્સવનું નિર્માણ કરવામાં આવ્યું છે. જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

અલથાણ સ્થિત સાંઈરામ યુવક મંડળ દ્વારા સતત 25માં વર્ષે અલથાણ વેજીટેબલ માર્કેટ પાસે અલથાણ કોમ્યુનિટી હોલ ખાતે ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. મંડળના કમલ મેવાવાળાએ જણાવ્યું હતું કે, મંડળ દ્વારા દર વર્ષે વિવિધ થીમ પર પંડાલનું નિર્માણ કરવામાં આવે છે. ત્યારે આ વખતે જયપુરના શિષમહેલની થીમ પર 60 બાય 120 ફૂટના વિશાળ પંડાલનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં બિરાજમાન ગણપતિ બાપ્પા ભક્તો માટે એક આસ્થાનું સ્થાન છે. ગણપતિ બાપ્પાની પ્રતિમાના કાનમાં કહેવાથી ભક્તોની મનોકામના પૂરી થાય છે એવી આસ્થા ભક્તોમાં છે અને એટલે જ અહીંના ગણપતિને મન્નત કા રાજા તરીકે ઓળખાય છે.

ગણેશ ઉત્સવના દસે દસ દિવસ ભક્તોનું ઘોડાપૂર જોવા મળે છે. મંડળ દ્વારા પણ આ ધાર્મિક ઉત્સવ ધાર્મિક ઉજવણી સાથે સમાજિક કાર્યોની ઉજવણીનો મહોત્સવ બની રહે એ રીતનું આયોજન કરવામાં આવ્યું છે. દસ દિવસ દરમિયાન રક્તદાન શિબિર, નોટબુક વિતરણ, વીર શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા સહિતના કાર્યક્રમો યોજાશે. સાથે જ સંસ્કૃતિ કાર્યક્રમો, ભજન સંધ્યા, મહા આરતી અને કોમી એકતા આરતી જેવા વિશેષ આયોજન પણ કરવામાં આવશે. અહી વર્ષ 2010 અને 2011માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ત્યારબાદ વર્ષ 2014માં તત્કાલીન મુખ્યમંત્રી આનંદી બેન પટેલ, વર્ષ 2016માં તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણી, વર્ષ 2021માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત મંત્રી 'મન્નત કા રાજા'ના દર્શન કરી ચૂક્યા છે.

ગણેશોત્સવની શાંતિપૂર્ણ ઉજવણી માટે સુરત પોલીસ કમિશનર મેદાને

સુરતઃ સુરત પોલીસ કમિશનર અનુપસિંહ ગેહલોતે લિંબાયતની સહજાનંદ સોસાયટીના મંડળના શ્રીજી પંડાળની મુલાકાત લીધી હતી. કમિશનરે આરતી કરીને શ્રીજી ઉત્સવ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરી હતી.

સુરત શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે લિંબાયતના સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લેવા સાથે જ્યાં જ્યાં ગણપતિ પંડાળો છે, તેની વિગતો મેળવી હતી. લિંબાયતના સહજાનંદ યુવક મંડળ દ્વારા જંગલની થીમ ઉપર પર્યાવરણ જાળવણીના મેસેજ સાથે શ્રીજીની સ્થાપના કરવામાં આવી છે. ત્યાં કમિશનરે શ્રીજીની આરતી કરી હતી. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે, ૨૦૧૧થી આયોજીત સહજાનંદ યુવક મંડળના ગણપતિ ઉત્સવ સહિત ગણપતિ ઉત્સવ શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરી હતી.

દીપ્તિ દેસાઈ, નીલકંઠ એવન્યુ,પાલ રોડ

89 ગ્રુપ, કાશીનગર, ઉધના

પર્વ દેસાઈ, શિવમ એપાર્ટમેન્ટ, અઠવાગેટ

સમીર ગાંધી, સુયોગનગર સોસાયટી, ભટાર રોડ, સુરત

પ્રિયા મૌર્ય, અનિતા મૌર્ય, નંદનવન ટાઉનશીપ, નવાગામ, ઉધના

ઋતેશ મિસ્ત્રી, શ્રીપદ સેલિબ્રેશન, પાલ

કિષ્ના પટેલ, શિકાગો, યુ.એસ.એ.

અશોકભાઈ હીરાભાઈ ડોડિયા,જલારામ બંગલો, તાડવાડી

ફેનિલ, પવન, સાગર પટેલ , નયન કુડાપાને, સિટી લાઇટ, સુરત

રાજવીર , ગોપાલ પેલેસ, ડુમસ

વિજયકુમાર પટોલિયા, સુદામા કા રાજા, ABC સર્કલ, મોટા વરાછા, સુરત

ધ્રુવિ - ધ્યાનિ સોલંકી, પાલનપુર પાટિયા

શ્રી સાંઈ લીલા યુવકમંડળ, ઉત્રાણ

શૈલી , ક્રિષા અને વિહા, અઠવાલાઈન્સ,સુરત.

હર્ષદ પટેલ , સ્વપ્ના સૃષ્ટિ રેસિડેન્સી ,ભેસ્તાન

તિલક,અશ્વિની ઇંદુ, અનિતા કોકિલા, અમિતા-અડાજણ, સુરત

જેસલ રાણા, રણછોડ પાર્ક સોસાયટી, રામનગર, રાંદેર રોડ

જય જલારામ બાળગણેશ, ન્યૂ ભટાર

જેક્ષ પટેલ, પીપલોદના વિઘ્નહર્તા, પીપલોદ

જિજ્ઞેશ વ્યાસ, ગંગાનગર

નવદુર્ગા યુવકમંડળ, હાથીવાલા શેરી, બેગમપુરા, સુરત

પરિ ગોહિલ, અડાજણ

પ્રિયંક પટેલ, રૂંટ કા રાજા, રૂંટ-મગદલ્લા

કરણપાર્ક ગ્રુપ, કરણપાર્ક રો હાઉસ, C.O.P. ડી-માર્ટ આનંદ મહેલ રોડ, અડાજણ

અશોક લાઠિયા, બ્લુ સ્પર્શ, પાલ

કિષ્ણા, દસ્તાન, પલસાણા

તેજલ પચ્ચીગર, સ્વર્ણા લગોમ, જહાંગીરાબાદ, વાંકલા

દિવ્યા અદિતિ તમાકુવાલા, ફિનિક્સ, એરિઝોના, યુ.એસ.એ.

અક્ષય.રાઠોડ સ્ટ્રીટ,વેસુગામ

જાઝલીન સેમિલ ગાંધી, કૃષ્ણાનગર સોસાયટી-2, અડાજણ પાટિયા

જિગર પ્રવીણભાઈ મૈસુરિયા, ગીતાંજલિ શેરી, આભવા ગામ

ટ્વિંકલ પટેલ, મંદિર ગ્રુપ-વેસુ

હિરેન સેલર, ટાઈમ ગેલેક્સી, સીએનજી સર્કલ પાસે, જહાંગીરપુરા, સુરત